**CC-120689/2025**

**<u>આંક–૦૧ તળે હુકમ</u>**

ફરીયાદ હકીકત ધ્યાનમાં લીધી. ઉપરોક્ત વિગતેનો ફર્સ્ટ ઓર્ડર ધ્યાનમાં લીધો. હાલની ફરીયાદ પોલીસ દ્વારા એમ.વી.એકટ અન્વયેના ગુન્હા અન્વયે  દાખલ કરેલ છે. બનાવની તારીખ જોતાં અને સજાની જોગવાઈ ધ્યાનમાં લેતા, આ ગુન્હો બન્યા બાદ પોલીસના ધ્યાન ઉપર આવેલ છે અને ત્યારબાદ હાલની ફરીયાદ કોર્ટમાં રજુ કર્યાની તારીખ જોતાં બી.એન.એસ.એસ.ની કલમ ૫૧૪ મુજબ કોગ્નિઝન્સ લેવાની સમય મર્યાદા વીતી ગયા બાદ રજુ થયેલ છે. વિલંબ અંગે કોઈ કારણ કે ખુલાસો નથી, આ સંજોગોમાં અત્રેની કોર્ટ દ્વારા કાયદાની નિયત કરેલી સમય મર્યાદા બાદ ગુન્હા અંગે કોગ્નિઝન્સ લઈ શકે નહીં અને આરોપી સામે ટ્રાયલ શરૂ કરી શકાય નહીં. જેથી હાલનો કેસ આગળ ચાલવાપાત્ર નથી.સબબ ફરીયાદ પક્ષે સાંભળ્યા, હાલનો કેસ બી.એન.એસ.એસ.ની કલમ ૫૧૪ મુજબ કોગ્નિઝન્સ લેવા સામે બાધ હોય, આજ રોજ સ્પેશ્યલ મેજીસ્ટ્રેયલ સીટીંગમાં ફેંસલ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ : ૧૩ મી માહે : સપ્ટેમ્બર,  સને–૨૦૨૫ ના રોજ સ્પેશ્યલ સીટીગમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૧૩/૦૯/૨૦૨૫
વડોદરા.

**( સુનિલ કુમાર શર્મા )**
૨૫ માં એડી.ચીફ.જ્યુડી.મેજી., વડોદરા.
(કોડ નં.જીજે૦૧૩૪૯)